# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-04-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

- રાજ્યમાં ચૂંટણી પ્રચાર વેગવાન બન્યો- રાજ્યમાં કેન્દ્રીય અને સ્થાનિક નેતાઓએ જાહેરસભાઓ યોજી...
- ભાજપના વરિષ્ઠ નેતા રાજનાથ સિંહે આણંદની રેલીમાં કહ્યું કે, ભાજપ સરકારે છેલ્લા દાયકામાં દેશની વૈશ્વિક છબીને નોંધપાત્ર રીતે બદલી છે..
- કોંગ્રેસના અગ્રણી નેતા રાહુલ ગાંધીએ દમણની રેલીમાં કહ્યું કે, જો કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર આવશે તો ખેડૂતોની લોન માફી કરવામાં આવશે.
- રાજ્યના તમામ મતદાન મથકો ઉપર આજે બીએલઓ દ્વારા મતદારોને સુવિધાઓ અંગે માહિતગાર કરાયા.. મતદાન મથકોએ ચુનાવ પાઠશાલા યોજાઇ...
- અરબી સમુદ્રમાંથી તટરક્ષક દળે 600 કરોડ રૂપિયાની કિંમતના નશીલા પદાર્થોના જથ્થા સાથે 14 પાકિસ્તાનીઓની ધરપકડ કરી.
- અને અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી IPL ક્રિકેટમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ગુજરાત ટાઇટન્સને 9 વિકેટે હાર આપી..

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# RAJNATH SINH/ MANU SANGHVI

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું હતું કે, ભાજપની આગેવાની હેઠળના NDA શાસનમાં છેલ્લા દાયકામાં દેશની વૈશ્વિક છબી નોંધપાત્ર રીતે બદલાઈ છે.

આણંદ જિલ્લામાં એક ચૂંટણી રેલીને સંબોધતા શ્રી સિંહે કહ્યું કે, જ્યારથી નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રીનું પદ સંભાળ્યું છે ત્યારથી વિશ્વએ ભારત અને તેના અભિપ્રાયને ગંભીરતાથી લેવાનું શરૂ કર્યું છે. NDA સરકારની નીતિઓને કારણે વિશ્વની ટોચની પાંચ અર્થવ્યવસ્થાઓમાં ભારતનો સમાવેશ થયો છે. શ્રી સિંહે ભારપૂર્વક જણાવ્યું હતું કે, 2047 સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવા તરફના ભારતની યાત્રામાં કોઈ પણ બાહ્ય શક્તિ અવરોધ કરી શકશે નહીં.

અગાઉ, અમદાવાદમાં એક પત્રકાર પરિષદમાં બોલતા, શ્રી સિંહે કહ્યું કે, ભાજપનો ચૂંટણી ઢંઢેરો નવા, આત્મનિર્ભર અને વિકસિત ભારત બનાવવાની ગેરંટી છે.

**(બાઇટ- રાજનાથ સિંહ)**

રાજ્યની એક દિવસની મુલાકાતે આવેલા રાજનાથ સિંહ આજે ભાવનગરમાં એક રેલીને સંબોધવાના છે.

દરમિયાન કોંગ્રેસના વરિષ્ઠ નેતા અભિષેક મનુ સિંઘવીએ સત્તાધારી ભારતીય જનતા પાર્ટી પર લોકશાહીને નબળી પાડવાનો આરોપ લગાવ્યો હતો. આજે અમદાવાદમાં એક પત્રકાર પરિષદમાં બોલતા સિંઘવીએ સુરત લોકસભા બેઠક પર ભાજપની તાજેતરની જીતને લોકતાંત્રિક સિદ્ધાંતોનું ઉલ્લંઘન ગણાવ્યું હતું. તેમણે ભાજપ પર નાણાં, મશીનરી અને મેનપાવરનો દુરુપયોગ કરવાનો આરોપ મૂક્યો હતો અને નિર્દેશ કર્યો હતો કે આ ચૂંટણીમાં ભાજપના કુલ 417 ઉમેદવારોમાંથી ચોથા ભાગના  ઉમેદવારોએ તાજેતરમાં અન્ય પક્ષોમાંથી પક્ષપલટો કર્યો છે.

# DAMAN- RAHUL GANDHI

કોંગ્રેસના અગ્રણી નેતા રાહુલ ગાંધીએ આજે કેન્દ્રશાસિત પ્રદેશમાં આવેલી દમણ- દીવ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર કેતન પટેલના સમર્થનમાં મોટી દમણમાં ચૂંટણી રેલીને સંબોધી હતી.

શ્રી ગાંધીએ ચૂંટણી રેલીમાં જણાવ્યું હતું કે, જો કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર આવશે તો મહિલાઓના ખાતામાં દર વર્ષે એક લાખ રૂપિયા જમા કરાવવામાં આવશે. ખેડૂતોની લોન માફ કરવામાં આવશે. ખેડૂતોને તેમના અનાજના યોગ્ય ભાવ મળે તે માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવશે. માછીમારોને ડીઝલ પર સબસીડી આપવામાં આવશે. આંગણવાડી અને આશા વર્કરોના પગાર બમણા કરવામાં આવશે. સ્નાતક થયા પછી બેરોજગાર યુવાનોને એક વર્ષ માટે તાલીમ આપવામાં આવશે. શ્રી ગાંધીએ વધુમાં કહ્યું હતું કે, અમે બંધારણની રક્ષા કરીએ છીએ...

## (બાઇટ- રાહુલ ગાંધી)

# GUJ. PRACHAR

ગાંધીનગરના ત્રિમંદિર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલની ઉપસ્થિતીમાં સહકાર સંમેલન યોજાયું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કારણે દેશની આર્થિક તાકાત વધી અને અર્થતંત્ર 11 મા સ્થાનેથી પાંચમા સ્થાને પહોંચ્યું છે.

આ પ્રસંગે ભાજપના પ્રદેશ પ્રમુખે સી.આર.પાટીલે કહ્યું કે, દક્ષિણ ગુજરાતમાં શેરડી પકવતાં ખેડૂતોને વધુમાં વધુ ટેકાના ભાવ આપીને ફાયદો કરાવવામાં આવ્યો છે..

આ અગાઉ, મોડાસામાં શ્રી પાટીલે સંવાદ કાર્યક્રમ યોજ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓને ચૂંટણીલક્ષી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું..

ઇડરમાં ભારતીય જનતા પાર્ટી અને ઇડર વિધાનસભા અનુસૂચિત જાતિ મોરચા દ્વારા મહાસંમેલન યોજાયું હતું.. આ સંમેલનમાં મોદી સરકાર દ્વારા અનુસચિત જાતિના કલ્યાણ માટે કરવામાં આવેલી કામગીરીને બિરદાવી હતી.

ભાવનગર લોકસભા બેઠકના આમ આદમી પાર્ટીના ઉમેદવાર ઉમેશ મકવાણાએ આજે ભાવનગરના હલુરીયા ચોકથી લોકસંપર્ક શરૂ કર્યો હતો. આ રેલીમાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના આગેવાનો- કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

# GUJ. KYPS ABHIYAN

આજે રાજ્યના તમામ મતદાન મથકો પર બુથ લેવલ અધિકારી દ્વારા મતદારોને મળતી સુવિધાઓ અને વ્યવસ્થાઓ અંગે માહિતગાર કરવામાં આવ્યા..

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીના માર્ગદર્શન હેઠળ આજે સમગ્ર રાજ્યમાં Know Your Polling Station અભિયાન યોજાયું હતું. જેમાં રાજ્યના તમામ મતદાન મથકો પર સવારે નવ વાગ્યાથી બપોરે સાડા બાર વાગ્યા સુધી હાજર રહી બુથ લેવલ ઑફિસર્સ દ્વારા મતદારોને મતદાન મથકે પ્રાપ્ય સુવિધા અને વ્યવસ્થાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

પોતાના મતદાન મથક સ્થળ પર આવનાર મતદારોને આગામી ૭મી મે ના રોજ યોજાનાર મતદાનના દિવસે કયા પોલીંગ બુથમાં મત આપવા જવાનું છે, મતદાન માટે EPIC અને તેની અવેજીમાં કયા પુરાવા માન્ય ગણાશે. પીવાના પાણીથી લઈ શૌચાલય સહિતની પ્રાથમિક સુવિધાઓ, દિવ્યાંગ મતદારો માટે વિશેષ વ્યવસ્થાઓ સહિતની બાબતો અંગે બુથ લેવલ ઑફિસર્સ દ્વારા મતદારોને અવગત કરાવવામાં આવ્યા હતા.

આ અભિયાન અંતર્ગત નાગરિકોએ પોતાના મતદાન મથકની મુલાકાત લીધી હતી. નાગરિકોએ તેમને મુંઝવતા પ્રશ્નો વિશે બુથ લેવલ ઑફિસર્સ દ્વારા

આપવામાં આવેલી માહિતી અંગે સંતોષ વ્યક્ત કરવા સાથે મતદાનના દિવસે મતદારોની સુગમતા માટે ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલી આ આગવી પહેલને બિરદાવી હતી.

આ અભિયાનની સાથે સાથે રાજ્યના તમામ મતદાન મથકો પર ચુનાવ પાઠશાલા યોજાઈ હતી. જેમાં ગ્રામ્ય કક્ષાએ કાર્યરત તલાટી, આશા વર્કર અને આંગણવાડી વર્કર સહિતના કર્મચારીઓ દ્વારા મહત્તમ મતદારો મતદાન કરે તે માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. ચુનાવ પાઠશાલા અંતર્ગત ચૂંટણી તંત્ર દ્વારા ખાસ કરીને મહિલા મતદારોને મોટી સંખ્યામાં સહપરિવાર મતદાન કરવા આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

# PORBANDAR- DRUGS

અરબી સમુદ્રમાંથી ભારતીય તટરક્ષક દળ અને આતંકવાદી વિરોધી દળે ફરી એકવાર 600 કરોડ રૂપિયાની કિંમતના નશીલા પદાર્થોના જથ્થા સાથે 14 પાકિસ્તાનીઓની ધરપકડ કરી છે.

ભારતીય તટરક્ષક દળને આજે મળેલી માહિતીને આધારે નાર્કોટીક્સ કંટ્રોલ બ્યુરો અને આતંકવાદી વિરોધી દળે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું, જેમાં પાકિસ્તાની બોટમાંથી 14 ક્રુ મેમ્બર સાથે 600 કરોડ રૂપિયાની કિંમતનો અંદાજીત 86 કિલોનો નશીલા પદાર્થોનો જથ્થો પકડવામાં આવ્યો હતો.

આ ઓપરેશનમાં સુરક્ષા એજન્સીઓએ ભારતીય તટરક્ષક દળના વિવિધ જહાજો અને એર ક્રાફ્ટનો ઉપયોગ કરીને શંકાસ્પદ બોટની ઓળખ કરી હતી. પાકિસ્તાની બોટમાંથી પકડાયેલા નશીલા પદાર્થોના જથ્થા સાથે 14 પાકિસ્તાની ક્રુ મેમ્બરને વધુ તપાસ માટે પોરબંદર લાવવામાં આવી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા ત્રણ મહિનામાં ભારતીય તટરક્ષક દળ અને આતંકવાદી વિરોધી દળના સંયુક્ત ઓપરેશનથી 11 જેટલા સફળ ઓપરેશન કરવામાં આવ્યા છે.

# IPL

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી IPL ક્રિકેટમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ગુજરાત ટાઇટન્સને 9 વિકેટે હાર આપી.. મેચની શરૂઆતમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ ટોસ જીતીને ફિલ્ડીંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ટીમ તરફથી વિલ જેક્સે શાનદાર સદી ફટકારી હતી, જેમાં તેમણે 10 છગ્ગા અને 5 ચોગ્ગા ફટકાર્યા હતા. વિરાટ કોહલીએ પણ 70 રન બનાવ્યા હતા. આ પહેલા ગુજરાત ટાઇટન્સે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને 201 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. જેનો પીછો કરતા RCB એક વિકેટે 206 રન બનાવીને વિજય મેળવ્યો હતો.

# Matdan Jagruti

રાજ્યભરમાં લોકસભાની સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને મતદાન જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

સાબરકાંઠા જિલ્લામાં જીલ્લા ચૂંટણી અધિકારી નૈમેષ દવેની ઉપસ્થિતીમાં KYPC અભિયાન અંતર્ગત ગઢોડા, હડિયોલ, પોગલું અને પિલુદ્રા ગામમાં રંગોળી, સિગ્નેચર કેમ્પેઈન, બુથની સાફ સફાઈ જેવી વિવિધ પ્રવુતિઓ યોજવામાં આવી હતી.

મોરબી જિલ્લામાં ૮૮૯ મતદાન મથકો પર ‘Know Your Polling Station’ નું આયોજન કરવામાં આવ્યું, જેમાં ધુંટુમાં જિલ્લા ચૂંટણી અધિકારીએ મતદાન કેન્દ્રની મુલાકાત લઇને જરૂરી માર્ગદર્શન કર્યું હતું.

જૂનાગઢ જિલ્લામાં ૧ હજાર ૩૩૫ મતદાન મથકો પર 31 હજારથી વધુ મતદારોને મતદાન અંગે જાણકારી અપાઇ...

છોટા ઉદેપુર જિલ્લાના પાવીજેતપુર તાલુકાના મોટી બેજ, કુંદાલ, થાલકી અને માગીયા ખાતે ચુનાવ પાઠશાળા યોજાઈ હતી.

પંચમહાલ જિલ્લાના કાલોલ, હાલોલ, મોરવા હડફ, ઘોઘંબા અને ગોધરાના વિવિધ સ્થળો અને કચેરીઓમાં ફ્લેશ મોબ થકી મતદાન કરવાનો સંકલ્પ લેવાયો હતો.

મહીસાગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મતદાન જાગૃતિ અન્વયે ફ્લેશ મોબ એક્ટીવીટી અને ગીત દ્વારા મતદાન જાગૃતિનો સંદેશ અપાયો.

રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોષીના નેતૃત્વમાં મતદાન અંગે જાગૃતિ સંદેશ અપાયો..

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ એસ.ટી ડેપો દ્વારા ટીકીટ ઉપર મતદાન અંગેનો સ્ટેમ્પ લગાવીને મતદાન કરવા અપીલ કરાઇ.. તાલાલા ખાતે ધમાલ નૃત્ય કરીને મતદાનની અપીલ કરાઇ..

કચ્છમાં ભુજ શહેરમાં બેન્ડની પ્રસ્તુતિ દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો.

ડાંગ જિલ્લાના આહવા ખાતે સીઆરપીએફ જવાનો દ્વારા ફ્લેગ માર્ચ યોજાઈ..

ખેડા જિલ્લામાં ગળતેશ્વર તાલુકામાં મતદાન અંગે લોકોમાં જાગૃતિ વધે તે માટે 190 જેટલા શિક્ષકોએ બાઈક રેલી યોજી..

સુરેન્દ્રનગરના ખોરાઘોડા ખાતે શિક્ષકોએ કાર રેલી યોજીને મતદારોને જાગૃત કરવાનો પ્રયાસ કર્યો હતો..

તાપી જીલ્લાની સોનગઢ નગરપાલિકા દ્વારા ફેરિયાઓને મહત્તમ મતદાન કરવા શપથ લેવડાવવામાં આવ્યા હતા.